RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં. ૬૬૬ તા.૫ –૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)
કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ટી.ડી.ઓ.)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા. ૨૭–૦૧–૧૨ની અરજીથી છેલ્લા પાંચ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ સંદર્ભમાં આરટીઆઈની કુલ્લે કેટલી અરજીઓ સુ.મ.ન.પા.ના સાતેય ઝોનમાં આવી અને આ માહિતીઓમાં રેકોર્ડ ઉપલબ્ધ નથી તેવી કેટલી આરટીઆઈમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી આપી તેની આંકડાકીય માહિતી વર્ષ તેમજ મહિનાવાર આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૬/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ. પટેલની તા. ૨૭–૦૧–૧૨ની અરજીથી છેલ્લા પાંચ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ સંદર્ભમાં આરટીઆઈની કુલ્લે કેટલી અરજીઓ સુ.મ.ન.પા.ના સાતેય ઝોનમાં આવી અને આ માહિતીઓમાં રેકોર્ડ ઉપલબ્ધ નથી તેવી કેટલી આરટીઆઈમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી આપી તેની આંકડાકીય માહિતી વર્ષ તેમજ મહિનાવાર આપવા બાબતે ઉધનાઝોન, વરાછાઝોન અઠવાઝોન તરફથી માહિતી આપવામાં આવેલ ન હોવાથી તથા સેન્ટ્રલઝોન, ટાઉન પ્લાનીંગ વિભાગ, કતારગામઝોન, લીંબાયતઝોન, રાંદેરઝોન તરફથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની આંકડાકીય માહિતીની વિગતો ઉપલબ્ધ હોય તો જણાવવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૮૬ તા. ૧૩–૩–૧૨થી ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન), કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટી.ડી.ઓ.) તથા અરજદારને માહિતીની વ્યાખ્યા કલમ–૨(એફ) અને ૨(જે) ની વિગત સાથે કલમ–૭(૯)ની જોગવાઈ મુજબ અલાયદી માંગેલ આંકડાકીય માહિતી નિભાવાતી ન હોય તો તપાસણી કરી મેળવવા કરેલ પ્રસ્તાવ સુસંગત છે આપે તેનો ઉપયોગ કરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૭૭ તા. ૨૭–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૧૬૯ તા. ૩૦–૧–૧૨થી નિયત સમય અવધિમાં ટા.પ્લાનરશ્રી(મ.શ.વિ.), કા.ઈજનેરશ્રી કતારગામઝોન, વરાછાઝોન, લીંબાયતઝોન, ઉધનાઝોન, અઠવાઝોન તથા રાંદેરઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને નિયત સમય અવધિ બાદ આપવામાં આવેલ માહિતી પત્ર નં. ટી.ડીઓ./

૫૩૮ તા. ૯–૨–૧૨ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૭૧૬ તા. ૨૮–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મૂળ અરજીની નકલ, અરજદારને નિયત સમય અવધિ બાદ આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૬૪૦ તા. ૬–૩–૧૨ની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, ફી ભર્યા રસીદની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨ તા. ૨–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મૂળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને નિયત સમય અવધિ બાદ આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સે.ઝોન /આરટીઆઈ/આઉટ નં./૨૨૭૨ તા. ૬–૨–૧૨ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટ ઝોન/ આરટીઆઈ સેલ/૬૫ તા. ૧૩–૪–૧૨થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ,મૂળ અરજીની નકલ,અરજદારને નિયત સમય અવધિ બાદ આપવામાં આવેલ માહિતીના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ /આઉટ વર્ડ નં./૧૧૧૩ તા. ૨૯–૨–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે ઉધનાઝોન તરફથી મળેલી પૂરક વિગતોમાં પત્ર નં. સા.ઝોન/ટેક/૮૬૮ તા. ૧૨–૩–૧૨થી આપવામાં આવેલ માહિતી પત્રની નકલ તથા મૂળ અરજીની નકલ મળેલ છે. લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૨૦–૩–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૭–૦૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૧૬૯ તા. ૩૦–૧–૧૨થી નિયત સમય અવધિમાં ટા.પ્લાનરશ્રી (મ.શ.વિ.) , કા.ઈજનેરશ્રી કતારગામઝોન, વરાછાઝોન, લીંબાયતઝોન, ઉધનાઝોન, અઠવાઝોન તથા રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં છેલ્લા પાંચ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ સંદર્ભમાં આરટીઆઈની કુલ્લે કેટલી અરજીઓ સુ.મ.ન.પા.ના સાતેય ઝોનમાં આવી અને આ માહિતીઓમાં રેકોર્ડ ઉપલબ્ધ નથી તેવી કેટલી આરટીઆઈમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી આપી તેની આંકડાકીય માહિતી વર્ષ તેમજ મહિનાવાર આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સેઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૨૭૨ તા. ૬–૨–૧૨ થી નિયત સમય અવધિમાં " માંગ્યા મુજબનો રેકર્ડ અલગથી ઉપલબ્ધ ન હોઈ સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ ફાઈલોની ચકાસણી કરી જવા જણાવવામાં આવે છે. સદર બાબતે તમો રૂબરૂ તા. ૧૩–૨–૧૨ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમ્યાન શહેર વિકાસ ખાતામાં આવી ફાઈલનું નિરીક્ષણ કરી શકશો. જેમાં પ્રથમ અડધો કલાક ફ્રી રહેશે. ત્યાર બાદ નિયમ મુજબ રૂા.૨૦/– પ્રતિ ૩૦ મિનિટ પ્રમાણે ચાર્જ ભરવાનો રહેશે." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૫૩૮ તા. ૯–૨–૧૨થી નિયત સમય અવધિમાં " આ અંગેનો મ. શહેર વિકાસ ખાતામાં કોઈ અલગથી રેકર્ડ નિભાવવામાં આવતો ન હોય, માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી. વધુમાં સદર માહિતીઓ અંગે મ. શહેર વિકાસ કચેરીનો સમય અને તારીખ મેળવી મ.શ.વિભાગે નિભાવવામાં આવતા આઉટવર્ડ/ઈનવર્ડ/ રજીસ્ટરોનું રૂબરૂ નિરીક્ષણ કરી શકો છો. ઉકત રેકર્ડ નિરીક્ષણ માટે પ્રથમ ત્રીસ મિનિટ માટે કોઈ ચાર્જ નથી. ત્યાર બાદ પ્રીત ત્રીસ મિનિટના રૂા. ૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. ઉકત નિરીક્ષણ બાદ તમો જે પાનાની ઝેરોક્ષ કોપીઓ મેળવવા માગતા હોય તે અંગે જરૂરી ચાર્જ ભરપાઈ કર્યેથી તે આપવામાં આવશે." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં. ૮૩૭૮ તા. ૨૮–૨–૧૨થી નિયત સમય અવધિના બીજા દિવસે " આપની અરજી અન્વયે માંગેલ માહિતી અંગે કતારગામઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડની વિગતો ઘણી થતી હોય, લંબાણપૂર્વકની હોય, સમય માંગી લે તેમ હોય તમોને આ પૈકીમાંથી કઈ કઈ વિગત જોઈએ છે ? તે અંગે કતારગામઝોન ખાતે રૂબરૂ રાખેલ દફતરો રૂબરૂ ચેક કરી જવા વિનંતી છે જે માટે આપશ્રીને તા. ૧–૩–૧૨ના રોજ રૂમ નં. ૧૦૯ પહેલો માળ, વહીવટી વિભાગ, નોર્થઝોન(કતારગામ), ગોટાલાવાડી, સુરત ખાતે સવારે ૧૧: ૦૦ કલાકે હાજર રહેવા જાણ કરવામાં આવે છે. વધુમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ ના નિયમ ૮(ગ) અન્વયે દફતરી ચકાસણી માટે પ્રથમ અર્ધા કલાક માટે કોઈ ફી નહી અને પછી પ્રત્યેક અર્ધા કલાક માટે ફી રૂા. ૨૦/– નોંધ :– "જયાં દફતર તપાસણીની પદ્ધતિ અને પ્રક્રિયાની ફીના દરો અસ્તિત્વમાં ધરાવતા હોય ત્યાં તે ફી દરો ચાલુ રહેશે." જે મુજબની જોગવાઈ છે. જો તમોને જણાવેલ તારીખે દફતરી તપાસ અંગે ગેરહાજર રહેશો તો માહિતી મેળવવામાં આપને કોઈ રસ નથી તેમ સમજી આપની અરજી દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેશો." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન / મહેકમ/ ૩૫૧૭ તા. ૨૯–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " અરજદારે તરફથી માંગવામાં આવેલ માહિતી અન્વયે લીંબાયત ઝોનને લગતી માહિતી લીંબાયતઝોનના ઉપલબ્ધ રેકર્ડ ઉપરથી આપવાની થાય છે જે નીચે મુજબ છે લીંબાયતઝોનમાં છેલ્લા પાંચ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ સંદર્ભમાં આરટીઆઈ હેઠળ આવેલ અરજી અંગે જણાવવાનું કે આપે માંગેલ માહિતીનો વ્યાપ વધુ હોવાથી દફતરી ચકાસણી તા. ૧૫–૩–૧૨ના રોજ સવારે ૧૧ : ૦૦ કલાકે સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)ના સેકશન ઓફિસરશ્રી (ટેકનીકલ) સમક્ષ રૂબરૂ હાજર રહેવા વિનંતી છે. વધુમાં મહિનાવાર આંકડાકીય માહિતી લીંબાયતની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આઉટવર્ડ/નં.૧૧૧૩ તા. ૨૯–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ " પશ્ચિમ ઝોન(રાંદેર)માં છેલ્લા પાંચ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ સંદર્ભમાં આરટીઆઈ હેઠળ આવેલ અરજીઓ અંગેની દફતરી ચકાસણી

તા. ૧૩–૩–૧૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પશ્ચિમ ઝોન(રાંદેર)કચેરીના સેકશન ઓફિસરશ્રી(ટેકનીકલ) સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યારબાદ દર અડધા કલાકનાં રૂા. ૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પૂરું પાડવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે. વધુમાં મહિનાવાર આંકડાકીય માહિતી રાંદેર કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

ઉપરોકત સેન્ટ્રલઝોન, કતારગામઝોન લીંબાયતઝોન અને રાંદેર ઝોન તથા મ.શ.વિ. તરફથી અરજદારને માહિતી અંગે આપવામાં આવેલ તપાસણીના પ્રતિભાવથી તેમજ ઉધના, વરાછા અને અઠવા તરફથી નહી આપવામાં આવેલ માહિતીથી નારાજ થઈ અરજદારે તા. ૫–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આંકડાકીય માહિતી માંગ્યાની રજુઆત કરેલ છે જેમા ફાઈલ નિરીક્ષણ કરી માહિતી મેળવવા જણાવેલ તે ખોટું છે. જેમા રેકર્ડ સાચવવામાં આવતો ન હોય, રેડર્ક તપાસણીની રજુઆત કરેલ છે. જે અંગે અત્રેથી બન્ને પક્ષકારો પાસેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૮૬ તા.૧૩–૩–૧૨થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમા પણ અરજદારે તેમના તા. ૨૦–૩–૧૨ના પૂરક પત્રમાં આંકડાકીય માહિતી માંગેલ હોય તપાસણી અંગેનો માહિતી મેળવવાના સવાલ આવતો નથી. તેવું જણાવેલ છે. જેમા અરજદારે સાતેય ઝોનમાં જાહેર માહિતી અધિકારીની નિમણૂક કરવામાં આવેલ હોય અને અલગ સ્ટાફ રાખવામાં આવેલ હોય અને ફાઈલ પણ બનતી હોય તેમ છતાં શા માટે તપાસ ણી કરી માહિતી મેળવવાનું જણાવવામાં આવે છે અને તપાસણીનું નાટક કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) આરટીઆઈ/આ.નં./૧૬૪૦ તા. ૬–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " આપના દ્વારા રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળથી માંગેલ માહિતી અન્વયે અરજીમાં માંગવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામની માહિતીઓ બાબતે આરટીઆઈનું કોઈ અલાયદું રજીસ ટર વિભાજીત કરીને નિભાવવામાં આવતું નથી. અઠવાઝોનનાં આરટીઆઈ સેલની માહિતીઓ વિસ્તૃત અને લાંબા સમયગાળાની હોય, તેમ છતાં રસ ધરાવતાં હો તો નિર્દિષ્ટ તમામ રેકર્ડો / ફાઈલોનું નિરીક્ષણ કરી આપ નોંધ, ઉતારો કે નકલો મેળવવા સ્વતંત્ર છો. તમોશ્રીને જરૂરિયાત મુજબની માહિતી આપી શકાય. જે અન્વયે આપશ્રીને તા. ૧૪–૩–૧૨ના રોજ સાંજે ૪ :૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધીમાં સેકશન ઓફિસરશ્રી(આરટીઆઈ સેલ) વિભાગ સમક્ષ સા.વે.(અઠવા)ઝોનને કચેરીએ કરી જઈ શકો છો. " તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૬૮ તા. ૧૨–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " આપશ્રી દ્વારા જે માહિતી માંગવામાં આવેલ (છેલ્લાં પાંચ વર્ષમાં ગેકાયદેસર બાંધકામ સંદર્ભમાં આરટીઆઈની અરજીઓ વિ.) તે માટે આપશ્રીને ઉધનાઝોન કચેરીમાં દફતરી ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી માટે(કચેરીને આગળથી જાણ કરીને) આપશ્રી હાજર રહેવા પ્રબંધ કરશો." તેવું જણાવેલ. પરંતુ અરજદારને તારીખ અને સમયની ફાળવણી કરેલ નથી. જયારે વરાછાઝોન તરફથી અરજદારને કોઈપણ પ્રકારની માહિતી પુરી પાડવામાં આવેલ હોય તેવું જણાવેલ નથી. તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આ સિવાયના તમામ ઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસ તરફથી અરજદારને ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. અરજદારે આરટીઆઈ હેઠળ ગેરકાયદેસર બાંધકામ સંદર્ભે માહિતી માંગવામાં આવેલ છે જે અંગે ફકત ગેરકાયદેસર બાંધકામ બાબતે આરટીઆઈ હેઠળની અરજી અંગેનું અલાયદું રજીસ્ટર નિભાવાતુ ન હોવાથી અરજદાર આરટીઆઈ હેઠળની અરજીઓ પૈકી ઈન્સ્પેકશન કરી ગેરકાયદેસર બાંધકામ હેઠળની અરજીની વિગતો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર દફતરી ઈન્સ્પેકશન કરી સંદર્ભ વિગતની માહિતી મેળવી શકે છે.

અરજદારને માહિતીની વ્યાખ્યા કલમ–૨(એફ) અને ૨(જે) ની વિગત સાથે કલમ–૭(૯)ની જોગવાઈ મુજબ અલાયદી માંગેલ આંકડાકીય માહિતી નિભાવાતી ન હોય તો તપાસણી કરી મેળવવા કરેલ પ્રસ્તાવ સુસંગત છે

અરજદારની પ્રથમ અપીલ તા.૫–૩–૧૨ ધ્યાને લેતાં ૩–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોનને જણાવવામાં આવેલ છે. જયારે ડે.કમિ.( પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી– ટી.ડી.ઓ. તેમજ ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોને સમય અવધિમાં કરેલ તપાસણીના પ્રસ્તાવને અનુલક્ષી અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭માં આગોતરો સમય મેળવી ઈચ્છુક હોય તો તપાસણી કરી લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તે સિવાય તમામ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, વરાછાઝોન, અઠવાઝોન, કતારગામઝોન તથા રાંદેરઝોન દ્રારા સમય અવધિ બાદ કરેલ પ્રસ્તાવ ધ્યાને લેતાં તે તમામને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને લાગત દફતરની વિના મૂલ્યે તપાસણી પૂરી પાડી ખપ પૂરતી નકલો પૂરી પાડવા જણાવવામાં આવે છે. "

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન),કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ટી.ડી.ઓ.)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,